Sl. No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions — 28
No. of Printed Pages — 7

# S—73— Gujarati (T.L.) (D&D)

## माध्यमिक (मूक-बधिर) परीक्षा, 2021
## SECONDARY (D & D) EXAMINATION, 2021

## ગુજરાતી
## ( GUJARATI )

तृतीय भाषा ( **Third Language** )

समय : $4\frac{1}{4}$ घंटे

पूर्णांक : 80

Tear Here

प्रश्न पुस्तिका को खोलने के लिए यहाँ फाड़ें
**TEAR HERE TO OPEN THE QUESTION PAPER**

यहाँ से काटिए

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આન્તરીક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસાર છે.

| ખંડ | પ્રશ્નોની સંખ્યા | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણાભાર |
|---|---|---|---|
| ખંડ - અ (A) | 1 ( (i) થી (x) ), 2 થી 11 = 20 | 1 | 20 |
| ખંડ - બ (B) | 12 થી 19 = 8 | 2 | 16 |
| ખંડ - સ (C) | 20 થી 23 = 4 | 4 | 16 |
| ખંડ - દ (D) | 24 થી 25 = 2 | 5 | 10 |
| ખંડ - ય (E) | 26 થી 28 = 3 | 6 | 18 |

## ખંડ - અ

1. નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. 10 × 1 = 10

(i) શેના વિના ભક્તિ ન થઈ શકે ?

(A) આંખ (B) જ્ઞાન

(C) શિષ્ય (D) તુલસી.

(ii) ભગવાને કોના માટે 'દામોદર દોશી' નું નામ ધારણ કર્યું હતું ?

(A) નરસિંહ મહેતા માટે (B) વાણીયા માટે

(C) શિવજી માટે (D) મીરાબાઈ માટે .

(iii) ફૂલનું મુખડું કવિને કેવું લાગે છે ?

(A) નિર્મળ (B) મુંખડું

(C) સલૂણું (D) નઠારું.

(iv) 'હવે કોઈને !' કવિતામાં 'સહવાસ' નો શું અર્થ થાય ?

(A) સાથે રહેવું તે (B) સારો વાસ

(C) હાસિંયો (D) સરખો.

(v) સૂર્યને કોણ આકાશમાં ધકેલી દે છે ?

(A) પાણી (B) દરિયો

(C) ચંદ્ર (D) તારા.

(vi) 'અકબર-બીરબલ' ની વાર્તા ક્યા પાઠમાં રજૂ કરાઈ છે ?

(A) ઈશ્વરની ઓળખાણ (B) ઓછી અક્કલથી દુકાળ પડે છે

(C) પરીક્ષા (D) માટી.

(vii) ડૉ. કિરણ બેદી કઈ રમતના ખેલાડી હતા ?

(A) બેડમિન્ટન (B) ટેનિસ

(C) ક્રિકેટ (D) ખો-ખો.

(viii) રેતીમાં રહેલા ભેજને ક્યા નામે ઓળખવામાં આવે છે ?

(A) પાલર પાણી (B) ખારૂં પાણી

(C) નીતર્યું પાણી (D) મીઠુ પાણી.

(ix) 'પરીક્ષા' પાઠનું મુખ્ય પાત્ર છે.

(A) મહાદેવ (B) ઈન્સ્પેક્ટર

(C) ધનશંકર (D) માસ્તર.

(x) 'વેલી ઓફ ફ્લાવર્સ' એટલે શું ?

(A) ગુરૂદ્વારા (B) અજાણી ખીણ

(C) ફૂલદાની (D) ફૂલોની ખીણ.

નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.

2. બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ? 1

3. લેખિકાના માતા-પિતા કઈ રમતનાં ખેલાડી હતા ? 1

4. 'ઓછી અક્કલથી દુકાળ પડે છે' પાઠમાં 'કૂઈ' શબ્દનો અર્થ લખો. 1

5. પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવને શો વિશ્વાસ હતો ? 1

6. કઠીયારાઓ જે વૃક્ષ કાપી રહ્યા હતા તે કેવું હતું ? 1

7. વેલી ઓફ ફ્લાવર્સ સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ? 1

નીચેના પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો.

8. ................ ગુરુ આપણને હરિનાં દર્શન કરાવી શકે છે ? 1

9. 'ફૂલની સાથે રમત' કવિતામાં કવિ ................ ની સાથે રમવા ઇચ્છે છે ? 1

10. સૂર્યની આદતોને સુધારવા માટે ................ ની જરૂર છે. 1

11. ઊડી ગયો વરાળ થઈને ................ વિશ્વાસ. 1

## ખંડ - બ

12. નીચે આપેલી જોડણી સુધારી ફરીથી લખો. 2

(i) સહાનુભુતી (ii) નીરાશા

13. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. 2

(i) અગ્નિ (ii) આકાશ

(iii) સાગર (iv) ધરતી

14. વિરુદ્ધાર્થી શબ્દ લખો. 2

(i) લાભ (ii) સત્ય

(iii) સાંજ (iv) સ્વદેશ

15. રૂઢિપ્રયોગનો અર્થ લખો. 2

(i) હાથ પીળા કરવા.. (ii) હૈયે ટાઢક વળવી

16. સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો. 2

(i) ભલો મહાદેવ રડતો ગયો (ii) રમણનો ગભરુ જીવ રડી ઊઠ્યો

17. યોગ્ય વિરામ ચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો. 2

(i) કેમ ભાઈ મોડો પડ્યો (ii) જહાંપનાહ મને થોડો સમય આપો.

18. સંધિ વિચ્છેદ કરો, 2

(i) અત્યંત (ii) વિદ્યાલય

19. સમાસનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો. 2

(i) રાત દિવસ (ii) ખેતરશેઢો.

## ખંડ - સ

નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

20. અખો કોને મૂરખ ગણાવે છે ? શા માટે ? 4

અથવા

નરસૈયાને ઘરે પધારેલા ભગવાનની સુંદરતાંનુ તમારા શબ્દોમાં વર્ણન કરો. 4

21. વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ? 4

અથવા

દરિયો દરરોજ સૂર્યને કેવી સજા કરે છે ? 4

22. બિરબલ શા માટે ચિંતિત બન્યો હતો ? 4

અથવા

કિરણ બેદી સક્રેટરીની રીતભાત જોઈને કઈ પ્રતિજ્ઞા લે છે ? 4

23. ઈન્સ્પેકટને મહાદેવની આખોમાં શું દેખાયું ? 4

અથવા

વેલી ઓફ ફ્લાવર્સ સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ? 4

## વિભાગ - દ

24. નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

"વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો, વિશ્વની કોઈપણ તાકાત તેને અટકાવી શકે નહિ. ત્રીજું કર્તવ્ય સેવાભાવનું છે, સેવા જ્ઞાન નથી. મહાભારતના પક્ષપર્વમાં 'વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે.

દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવા જોઈએ.

પ્રશ્નો :

(i) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે ? 1

(ii) જ્ઞાનનો આરંભ શેનાથી થાય છે ? 1

(iii) વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય કયું છે ? 1

(iv) મહાભારતના યક્ષપર્વમાં કેવા પ્રકારની કથા છે ? 1

(v) આપેલા ગદ્યખંડને યોગ્ય શિર્ષક આપો. 1

25. નીચે આપેલા પઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

"આ બહુ જ વિશેષ તળાવ છે. લાખો વરસો પહેલાં કુદરતમાં જે ભારે ઉથલ-પાથલ થઈ એને કારણેં તળાવની નીચે કાળી ચીકણી માટીનું, મુલતાની માટીનું કે જીપ્સમનું એક થર જામી ગયું હતું. આ થરને કારણે વરસાદનું પાણી ઝમીને રેગિસ્તાનમાં નીચે વહેંતા ખારા પાણીમાં મળતું નથી. તે રેતીમાં ભેજની જેમ સુરક્ષિત રહે છે. આ ભેજને અમે નીતર્યું પાણી કહીએ છીએ."

(i) કુદરતમાં ભારે ઉથલ-પાથલ થવાથી તળાવમાં શું થયું ? 2

(ii) કયા કારણેં વરસાદનું પાણી રેગિસ્તાનના ખારા પાણીમાં મળતું નથી ? 2

(iii) નીતર્યું પાણી કોને કહે છે ? 1

## વિભાગ - ચ

26. માગ્યા પ્રમાણે જવાબ લખો.

(i) લેખકના 'વેલી ઓફ ફ્લાવર્સ' ના પ્રવાસમાર્ગનું વર્ણન કરો. 3

અથવા

વૃક્ષ બચાવવા માટે શું શું કરી શકાય તે માટેના તમારા વિચારો લખો. 3

(ii) કપાતા વૃક્ષને જોઈને યુવાને શું કર્યું ? તેણે વિરોધ માટે ઉપવાસ ધરણા કર્યા હોત તો ? 3

અથવા

કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ? શા માટે ? 3

27. નીચે આપેલા વિષયમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ (150 શબ્દો માં) 6

(i) મા તે મા

(ii) કોરોના મહામારી અને સાવચેતી

(iii) મારો પ્રિય તહેવાર

(iv) ઓનલાઈન શિક્ષણ

28. તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષકદિન' ની ઉજવણીનો અહેવાલ લખો. 6

અથવા

તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનનો અહેવાલ લખો. 6

DO NOT WRITE ANYTHING HERE